Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

CS (Main) Exam, 2021

HXS-U-GJT

# ગુજરાતી / GUJARATI

## પેપર I / Paper I

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક | મહત્તમ ગુણ : 250 |
| *Time Allowed : **Three** Hours* | *Maximum Marks : **250*** |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

**પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :**

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો **એક** પ્રશ્ન પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*



Download FREE UPSC E-BOOKS FREE! CLICK HERE

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

## SECTION A

**Q1. આશરે 150 શબ્દોમાં સમીક્ષાત્મક નોંધ લખો.** *10×5=50*

(a) ગુજરાતી ભાષાનાં ધ્વનિઘટકો દર્શાવી તેની વિગતે ચર્ચા કરો. *10*

(b) જ્ઞાનમાર્ગી કવિ તરીકે અખાનું મૂલ્યાંકન કરો. *10*

(c) સૌરાષ્ટ્રી બોલીની લાક્ષણિકતાઓ દર્શાવી તેનાં ત્રણ દૃષ્ટાંતો આપો. *10*

(d) નર્મદના નિબંધોને કેન્દ્રમાં રાખીને 'સુધારક યુગના સારથિ' તરીકે નર્મદને તપાસો. *10*

(e) ઝવેરચંદ મેઘાણીની કવિતાને ભારતીયતાના સંદર્ભે તપાસો. *10*

**Q2. સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) મધ્યકાલીન જૈન સાહિત્યનું સ્વરૂપ સમજાવી કોઈ પણ ત્રણ જૈનકૃતિઓનો ટૂંકમાં પરિચય કરાવો. *20*

(b) કાન્તનાં ખંડકાવ્યોને વિષયસામગ્રી અને અભિવ્યક્તિના નાવીન્ય સંદર્ભે તપાસો. *20*

(c) જયંતિ દલાલનાં એકાંકીઓમાં પ્રગટ થતી સર્જકની નાટ્યકલા વિશે વિગતે ચર્ચા કરો. *10*

**Q3. સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) ગુજરાતી ભાષાના વિકાસક્રમની વિગતે ચર્ચા કરો. *20*

(b) ગુજરાતી પ્રાદેશિક નવલકથાના વિકાસમાં પન્નાલાલ પટેલના પ્રદાનને મૂલવો. *20*

(c) ઉમાશંકર જોશીના વિવેચનકાર્યને વિગતે તપાસો. *10*

**Q4. સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) આધુનિક ગુજરાતી નવલિકા અને નાટયક્ષેત્રે મધુ રાયના પ્રદાનની વિગતે ચર્ચા કરો. *20*

(b) ગુજરાતી વાર્તાક્ષેત્રે નારીસર્જકોના પ્રદાનની ચર્ચા કરો. *20*

(c) શ્રેષ્ઠ નાટ્યકૃતિ તરીકે 'રાઈનો પર્વત'ના નાટ્ય-વિશેષો અંગે નોંધ લખો. *10*





Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

## SECTION B

**Q5.** **આશરે 150 શબ્દોમાં ઉત્તરો આપો.** *10×5=50*

(a) 'મદનમોહના' પદ્યવાર્તાના વિશેષો દર્શાવી શામળની વર્ણનકળા તપાસો. *10*

(b) 'ભવાઈ' સંજ્ઞા સ્પષ્ટ કરીને લોકનાટ્યની લાક્ષણિકતાઓ જણાવો. *10*

(c) ઐતિહાસિક નવલકથાનું સ્વરૂપ સ્પષ્ટ કરી કનૈયાલાલ મુનશીની નવલકથાકલાની ચર્ચા કરો. *10*

(d) ગુજરાતી ગઝલક્ષેત્રે કલાપીએ કરેલા પ્રદાનને મૂલવો. *10*

(e) નિબંધની સ્વરૂપગત લાક્ષણિકતાઓના સંદર્ભે કાકાસાહેબ કાલેલકરની નિબંધકલાનો પરિચય કરાવો. *10*

**Q6.** **સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) આખ્યાનનું સ્વરૂપ કેન્દ્રમાં રાખીને પ્રેમાનંદનાં આખ્યાનો વિશે સમીક્ષાત્મક નોંધ તૈયાર કરો. *20*

(b) આધુનિક ગુજરાતી નવલકથાના સ્વરૂપ અને વિકાસની સદૃષ્ટાંત ચર્ચા કરો. *20*

(c) સોનેટકાર તરીકે બળવંતરાય ઠાકોરની સિધ્ધિઓ તપાસો. *10*

**Q7.** **સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) ગુજરાતી સાહિત્યમાં થયેલા સૈદ્ધાન્તિક વિવેચનના મુખ્ય ચાર સીમાસ્તંભ રૂપી વિવેચકોના પ્રદાનની ચર્ચા કરો. *20*

(b) રમેશ પારેખની ગીત રચનાઓને વિષયવૈવિધ્ય અને અભિવ્યક્તિના નાવીન્ય સંદર્ભે તપાસો. *20*

(c) નરસિંહ મહેતાનાં પદોની ભાવસૃષ્ટિનો સાધાર પરિચય કરાવો. *10*

**Q8.** **સમીક્ષાત્મક ઉત્તરો આપો.**

(a) ગુજરાતી એબ્સર્ડ નાટકની વ્યાખ્યા આપી ગુજરાતી એબ્સર્ડ નાટકની સ્થિતિ-ગતિ આલેખો. *20*

(b) લોકસાહિત્યના સંશોધન ક્ષેત્રે હસુ યાજ્ઞિકના પ્રદાનને વિગતે મૂલવો. *20*

(c) લલિત નિબંધના સ્વરૂપ સંદર્ભે સુરેશ જોશીના નિબંધોને તપાસો. *10*



Download FREE UPSC E-BOOKS FREE! CLICK HERE